Navgujarat Samay

January 12, 2017
Front Pg.2

# સ્ટાર્ટઅપ્સ માટે છ મહિનાનો એક્શન પ્લાન ગુજરાતમાં અમલી બનાવાશે

» ઉદ્યોગકારો-સરકાર વચ્ચે સમયાંતરે ચર્ચા થઈ શકે, વારંવાર નીતિમાં ફેરફાર ન કરવા સરકારને સૂચન

**નવગુજરાત સમય** › ગાંધીનગર

ગુજરાતના યુવાનોની બૌદ્ધિક ક્ષમતા અને સર્જનશીલતાની સ્કીલ થકી ગુજરાતને 'ઈનોવેટર પેરેડાઈઝ' બનાવવા માટે દેશમાં સૌ પ્રથમવાર છ મહિનાનો એક એક્શન પ્લાન બનાવીને અમલમાં મૂકવાની જાહેરાત કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રિયલ પોલીસી એન્ડ પ્રમોશનના સચિવ રમેશ અભિષેકે કરી છે. યુવાનો શાળાકાળ દરમિયાન જ પોતાની રીતે સ્ટાર્ટ-અપ્સ અને ઈન્ક્યુબેટર સહિતના વિચારોને મૂર્તિમંત કરી શકે તેવું વાતાવરણ પૂરું પાડવા, અભ્યાસક્રમોમાં વિષયો દાખલ કરવા, કોલેજોમાં તેને અનુરૂપ લેબોરેટરી સહિતની માળખાકીય સુવિધા પૂરી પાડવા પર તેમણે ભાર મૂક્યો હતો. ગુજરાત સરકાર આ ઉદ્યોગ સાહસિકોના સૂચનોને આધારે તૈયાર થયેલાં અહેવાલના અભ્યાસ બાદ આગામી દિવસોમાં યુવાનો-વિદ્યાર્થીઓ માટેની સ્ટાર્ટઅપ પોલીસી જાહેર કરશે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત સૌ પ્રથમવાર 'ઈનોવેશન સ્ટાર્ટઅપ્સ એન્ટરપ્રિન્યોરશીપ' વિષય પર એક્શન સેમિનારમાં ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યો અને વિદેશના 100થી વધુ યુવા ઉદ્યોગ સાહસિકોએ સરકાર અને ઈનોવેટર્સ વચ્ચે સમયાંતરે સંવાદ થઈ શકે તેવું કાયમી પ્લેટફોર્મ ઊભું કરવા અને પ્રારંભિક તબક્કે ટેક્સનું ભારણ દૂર કરવા, નીતિમાં વારંવાર ફેરફાર ન કરવા સહિતના અનેક મુદ્દાઓ ઉપર ચર્ચા કરી હતી. ઉદ્યોગ રાજ્યપ્રધાન રોહિત પટેલે સ્ટાર્ટઅપ્સની વ્યાખ્યા આપતા કહ્યું કે, શ્રમ, સાહસ અને સંઘર્ષનો સમન્વય એટલે સ્ટાર્ટઅપ્સ. તેમણે કહ્યું કે, કોઈપણ ઉદ્યોગ ચાલુ કરવા માટે નાણાં ઉપરાંત સાહસિક્તા અને પોતાના વ્યવસાય વિશેનું પૂરતું જ્ઞાન અને આગવી કોઠાસૂઝ અત્યંત જરૂરી છે. યુવા સાહસિકોએ સ્ટાર્ટઅપ્સ આડેના સૌથી મોટા અવરોધક તરીકે મેન-માર્કેટ-મની ઉપરાંત સમાજમાં નવા સાહસ પ્રત્યેનું નકારાત્મક વલણ અને ઘોર ઉદાસીનતાની માનસિકતાને જવાબદાર ગણાવતા કહ્યું કે, સમાજમાંથી આ નકારાત્મકતા દૂર કરવા માટે બાળકોને શાળામાંથી જ પોતાના વિચારો-સપનાઓને કેવી રીતે સાકાર કરી શકાય તે પ્રકારનું શિક્ષણ, માળખાકીય સુવિધા મળે તેવું આયોજન કરવું સમયની માગ છે.



## નવા વિચારો પ્રત્યેની નકારાત્મક માનસિકતા દૂર કરવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળવું જોઈએ

સેમિનારમાં નીતિઓ ઘડવામાં માત્ર નિષ્ણાતો જ નહીં જેના માટે આ નીતિ ઘડાઈ રહી છે તેવા યુવા સાહસિકોને પણ હિસ્સેદાર બનાવવામાં આવ્યા છે. GIDCના વાઈસ ચેરમેન ડી.થારાએ જણાવ્યું હતું કે, જેના માટે નીતિ ઘડવામાં આવે છે તેવા યુવાસાહસિકોને એક પ્લેટફોર્મ પર એકઠા કરી તેમની સમસ્યા અને જરુરિયાત સમજી તેમના સૂચનો મેળવવા આ સેમિનાર યોજવામાં આવ્યો છે.